**ફિફા વર્લ્ડકપ આજની મેચો**

| | | |
|---|---|---|
| અલ્જીરિયા vs ઓસ્ટ્રિયા<br>સવારે 7.30 વાગ્યે | જોર્ડન vs આર્જેન્ટિના<br>સવારે 7.30 વાગ્યે | દ. આફ્રિકા vs કેનેડા<br>રાત્રે 12.30 વાગ્યે |

## કેપ વર્ડે નોકઆઉટમાં પહોંચનારો સૌથી નાનો દેશ

**સાઉદી** અરેબિયા સામેની મેચ 0-0થી ડ્રો રમી

**ગ્રુપ** સ્ટેજની ત્રણેય મેચો ડ્રો રમીને નોકઆઉટામાં પહોંચનાર ખાસ દેશોમાં સામેલ થયું કેપ વર્ડે




હ્યુસ્ટન, તા. 27 (એપી): કેપ વર્ડે ટીમે વર્લ્ડકપના ગ્રુપ સ્ટેજમાં સતત ત્રીજો મેચ ડ્રો રમીને એક અશક્ય લાગતો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. શુક્રવારે રાત્રે સાઉદી અરેબિયા સામે 0-0થી ડ્રો રમીને કેપ વર્ડે વર્લ્ડકપના નોકઆઉટ રાઉન્ડમાં પહોંચનારો દુનિયાનો સૌથી નાનો દેશ બની ગયો છે.

આફ્રિકાના પશ્ચિમ કિનારે આવેલા આ નાના ટાપુ દેશે પોતાના ડેબ્યુ વર્લ્ડકપમાં આ ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે.

આ પહેલા તેમણે 2010ના ચેમ્પિયન સ્પેનને 0-0પર રોક્યું હતું અને ઉરુગ્વે સામે 2-2થી ડ્રો મેચ રમી હતી. આ નવો વર્લ્ડ રેકોર્ડ બનાવનાર કેપ વર્ડે દેશની વસ્તી માત્ર 500,000થી થોડી વધુ છે. ગ્રુપ સ્ટેજમાં 3 પોઈન્ટ સાથે સ્પેન પછી બીજા ક્રમે રહીને આ ટીમે રાઉન્ડ ઓફ 32માં પ્રવેશ કર્યો છે, જ્યાં આગામી 3 જુલાઈના રોજ માયામીમાં તેમનો મુકાબલો વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન આર્જેન્ટિના સામે થશે. વર્લ્ડ કપના ઈતિહાસમાં ત્રણેય મેચ ડ્રો રમીને આગળ વધનારી ટીમોમાં હવે કેપ વર્ડેનું નામ પણ સામેલ થઈ ગયું છે.

કેપ વર્ડેની આ જીતનો અસલી હીરો તેમનો 40 વર્ષનો ગોલકીપર વોઝિન્હા રહ્યો છે, જેણે સાઉદી અરેબિયાના મોહમ્મદ કાન્નો અને અબ્દુલ્લા અલ-હમદાનના શાનદાર શૉટ્સ રોકીને મેચ ડ્રો કરાવી હતી.

## ઉરુગ્વેને ૧-૦થી હરાવી સ્પેનનો નોકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ

**બે** વખતની ચેમ્પિયન ટીમ ઉરુગ્વે વર્લ્ડકપમાંથી બહાર થનારી સૌથી હાઈ-રેન્કિંગ ટીમ બની

**ભૂલ** થયા બાદ ગોલકીપર ફર્નાન્ડો મેચ છોડીને જતો રહ્યો

**સ્પેનના** રાજા કિંગ ફિલિપ-VI પણ આ મેચ જોવા ખાસ હાજર રહ્યા



ગુઆડાલજારા (મેક્સિકો), તા. 27 (એપી): મેક્સિકોના ગુઆડાલજારા ખાતે રમાયેલી રોમાંચક વર્લ્ડકપ મેચમાં સ્પેને ઉરુગ્વેને 1-0થી હરાવીને નોકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ મેળવી લીધો છે, જ્યારે બે વખતની ચેમ્પિયન ઉરુગ્વેની ટીમ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે.

સ્પેન તરફથી મેચનો એકમાત્ર વિજયી ગોલ 42મી મિનિટે એલેક્સ બાએનાએ કર્યો હતો. આ જીત સાથે સ્પેન 7 પોઈન્ટ મેળવીને ગ્રુપ Hમાં ટોચ પર રહ્યું છે. ઉરુગ્વેના 40 વર્ષના અનુભવી ગોલકીપર ફર્નાન્ડો મુસ્લેરાની મોટી ભૂલને કારણે આ ગોલ થયો હતો. ટૂર્નામેન્ટમાં આ તેની ત્રીજી મોટી ભૂલ હતી, જેનાથી નિરાશ થઈને તેણે હાફ-ટાઈમમાં જ કોચ માર્સેલો બિએલ્સાને પોતાને સબ્સ્ટીટ્યુટ કરવા કહ્યું અને તે મેચ છોડીને ચાલ્યો ગયો હતો.

ફિફા રેન્કિંગમાં 19મા ક્રમે રહેલી ઉરુગ્વેની ટીમ આ વર્લ્ડકપમાંથી બહાર થનારી સૌથી હાઈ-રેન્કિંગ ટીમ બની છે.

મેચ દરમિયાન સ્પેનના મિડફિલ્ડર યેરેમી પીનોને કોલરબોન (ખભાનું હાડકું) તૂટવાની ગંભીર ઈજા થઈ હતી. સ્પેન પોતાના તમામ 5 સબ્સ્ટીટ્યુશન વાપરી ચૂક્યું હોવાથી પીનોએ ઈજા સાથે જ મેચના અંત સુધી રમવું પડ્યું હતું. સ્ટેડિયમમાં હાજર 45,065 દર્શકોની વચ્ચે સ્પેનના રાજા કિંગ ફિલિપ-VI પણ આ મેચ જોવા માટે ખાસ હાજર રહ્યા હતા. બુધવારે મોડી રાત્રે વેનેઝુએલામાં આવેલા સતત બે ધરતીકંપમાં જીવ ગુમાવનારા લોકોની યાદમાં મેચની શરૂઆત પહેલાં મેદાન પર એક મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

## સેનેગલનો 5-0થી શાનદાર વિજય ઈરાક ટુર્નામેન્ટમાંથી બહાર

**સેનેગલની** વર્લ્ડકપના નોકઆઉટમાં પહોંચવાની આશા જીવંત

**ડિફેન્ડર** સુલાકાને રેડ કાર્ડ મળતા ઈરાકની ટીમ 10 ખેલાડીઓ સાથે રમી

**1986** પછી ઇરાકની ટીમ એક પણ પોઇન્ટ વગર ટૂર્નામેન્ટમાંથી બહાર થઇ



ટોરંટો, તા. 27 (એપી): શુક્રવારે ટોરોન્ટો ખાતે રમાયેલી વર્લ્ડ કપ મેચમાં સેનેગાલે શાનદાર પ્રદર્શન કરતા ઈરાકને 5-0 થી કારમો પરાજય આપ્યો છે. નોકઆઉટ રાઉન્ડમાં પહોંચવાની આશા જીવંત રાખવા માટે સેનેગલને આ મેચ મોટા માર્જિનથી જીતવી ખૂબ જરૂરી હતી. આ જીત સાથે સેનેગલના 3 પોઈન્ટ અને પ્લસ-2નો ગોલ ડિફરન્સ થયો છે, જે તેને ગ્રુપ-Iમાંથી ત્રીજા સ્થાનની શ્રેષ્ઠ ટીમો તરીકે રાઉન્ડ ઓફ 32માં લઈ જવા માટે મદદરૂપ સાબિત થઈ શકે છે.

મેચની શરૂઆતથી જ સેનેગલની ટીમ હાવી રહી હતી. મેચની માત્ર ચોથી મિનિટે હબીબ ડિયારાએ ગોલ કરીને ટીમને 1-0થી લીડ અપાવી હતી. ત્યારબાદ બીજા હાફમાં પાપે ગુયેએ બે શાનદાર ગોલ કર્યા હતા, જ્યારે ઈસ્માઈલા સાર અને ઈલિમાન ન્દિયાએ 1-1 ગોલ કરીને ઈરાકને મેચમાંથી સંપૂર્ણપણે બહાર કરી દીધું હતું. બીજી તરફ, ઈરાકની ટીમ 1986 પછી પોતાની પ્રથમ વર્લ્ડકપ ટૂર્નામેન્ટમાં એક પણ પોઈન્ટ મેળવ્યા વગર બહાર થઈ ગઈ છે.

ઈરાકની ટીમ આ મેચમાં માત્ર 10 ખેલાડીઓ સાથે રમી હતી. મેચની 13 મી મિનિટે સેનેગલના સ્ટાર ખેલાડી સાડિયો માનેને આગળ વધતા રોકવા માટે ઈરાકના ડિફેન્ડર રેબિન સુલાકાએ તેનું શર્ટ ખેંચ્યું હતું, જેના કારણે અમ્પાયરે તેને રેડ કાર્ડ આપી મેદાનની બહાર મોકલી દીધો હતો.

## ફ્રાન્સે નોર્વેને 4-1થી કચડ્યું, ડેમ્બેલેની હેટ્રિક

**ડેમ્બેલેએ** ફર્સ્ટ-હાફમાં જ શાનદાર હેટ્રિક લગાવી, 30 વર્ષમાં આ સિદ્ધી મેળવનાર પ્રથમ ખેલાડી બન્યો

**ડેમ્બેલે** ગોલ્ડન બૂટની રેસમાં સામેલ થયો

**નોર્વેના** સ્ટાર અર્લિંગ હાલેન્ડ સહિત 10 નિયમિત ખેલાડીઓને આરામ અપાયો



ફોક્સબોરો, તા. 27 (એપી): વર્લ્ડકપ મેચમાં ફ્રાન્સે નોર્વેને 4-1થી હરાવ્યું છે. આ જીતનો અસલી હીરો ફોરવર્ડ ઓસ્માન ડેમ્બેલે રહ્યો હતો, જેણે ફર્સ્ટ-હાફમાં જ શાનદાર હેટ્રિક લગાવી હતી.

ડેમ્બેલેએ 7મી, 20મી અને 32મી મિનિટે ગોલ કર્યા હતા. વર્લ્ડકપના ઈતિહાસમાં 1994 પછી ફર્સ્ટ-હાફમાં હેટ્રિક નોંધાવનારો તે પ્રથમ ખેલાડી બન્યો છે. આ શાનદાર પ્રદર્શન બદલ વર્ષ 2025નો બેલોન ડી'ઓર એવોર્ડ જીતનારો ડેમ્બેલે હવે ગોલ્ડન બૂટની રેસમાં સામેલ થઈ ગયો છે.

મેચ શરૂ થયાની માત્ર 21મી સેકન્ડે એમબાપ્પેએ એક શાનદાર કિક લગાવી હતી જેમાં બોલ ગોલપોસ્ટની ઉપરની ક્રોસબાર સાથે અથડાયો હતો, અને ત્યારબાદ તેણે ઓસ્માન ડેમ્બેલેના પ્રથમ ગોલ માટે મદદ (પાસ) પણ કરી હતી. મેચમાં નોર્વેના સ્ટાર ખેલાડી અર્લિંગ હાલેન્ડ સહિત 10 નિયમિત ખેલાડીઓ રમ્યા નહોતા, કારણ કે નોક્આઉટ રાઉન્ડ પહેલા કોચે તેમને આરામ આપ્યો હતો.

## ઈરાન-ઈજિપ્ત વચ્ચેની મેચ 1-1થી ડ્રો

**ઇજિપ્ત** નોકઆઉટમાં પહોંચ્યું

**અમેરિકાના** કડક પ્રવાસ પ્રતિબંધો સામે ઇરાન ટીમે વ્યક્ત કર્યો ભારે આક્રોશ

**આ** મેચને LGBTQ+ સમુદાયના સમર્થન માટે 'પ્રાઈડ મેચ' તરીકે પ્રમોટ કરાતા બંને કટ્ટર દેશોએ નારાજગી વ્યક્ત કરી




સિએટેલ, તા. 27 (એપી): શુક્રવારે સિએટલ ખાતે રમાયેલી વર્લ્ડકપ મેચમાં ઈરાન અને ઈજિપ્ત વચ્ચેનો મુકાબલો 1-1થી ડ્રો રહ્યો હતો, જેના પગલે ઈજિપ્ત ગ્રુપ-Gમાં બીજા ક્રમે રહીને નોકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયું છે. મેચ ખૂબ જ રોમાંચક રહી હતી. મેચની 5મી મિનિટે જ ઈજિપ્તના મહમૂદ સાબેરે ગોલ કરીને ટીમને 1-0થી લીડ અપાવી હતી, પરંતુ 14 મી મિનિટે ઈરાનના રામિન રેઝાનિયાને ગોલ કરીને સ્કોર 1-1થી બરાબર કરી દીધો હતો.

બીજી બાજુ ઈરાનના કોચ અને ખેલાડીઓએ અમેરિકાના હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ દ્વારા લાદવામાં આવેલા પ્રવાસ પ્રતિબંધો અંગે નારાજગી વ્યક્ત કરી હતી. ટીમના સપોર્ટ સ્ટાફને અમેરિકા આવવા દેવાયા નહોતા અને ખેલાડીઓને મેચના આગલા દિવસે જ મુસાફરી કરવાની મંજૂરી મળતી હોવાથી તેઓ રિકવરી કરી શક્યા નહોતા. કોચે આક્ષેપ કર્યો કે યજમાન દેશ દ્વારા તેમની સાથે ખૂબ જ ખરાબ વર્તન કરવામાં આવ્યું હતું.

ઉપરાંત એક બીજો વિવાદ થયો હતો આ મેચને સિએટલ શહેર દ્વારા 'પ્રાઈડ મેચ' તરીકે પ્રમોટ કરવામાં આવી હતી, જે એલજીબીટીક્યુ (LGBTQ+) સમુદાયના સમર્થન માટે હતી. ઈરાન અને ઈજિપ્ત બંને દેશોમાં સમલૈંગિકતા પર પ્રતિબંધ હોવાથી બંને ટીમો આ સેલિબ્રેશનમાં જોડાવા માંગતી ન હતી. જોકે, મેદાનની અંદર કોઈ સત્તાવાર પ્રાઈડ પ્રવૃત્તિ ન થઈ, પરંતુ સ્ટેડિયમમાં હાજર હજારો ચાહકો રેઈન્બો ફ્લેગ અને બેનરો સાથે આ પ્રાઈડ મેચની ઉજવણી કરતા જોવા મળ્યા હતા.

## આયર્લેન્ડ સામે સિરીઝ બરાબર કરવાના ઈરાદા સાથે ઉતરશે ભારત

**પ્રથમ** મેચના શરમજનક પરાજય બાદ વર્લ્ડ ચેમ્પિયન ટીમની આકરી કસોટી

**વૈભવ** સૂર્યવંશીના ડેબ્યુ પર સસ્પેન્સ

**મેચનું** જીવંત પ્રસારણ સોની સ્પોર્ટ્સ ટેન 1 અને લાઈવ સ્ટ્રીમીંગ સોની લિવ પર સાંજે 6 વાગ્યાથી




બેલફાસ્ટ, તા. 27 (પીટીઆઈ): રવિવારે બેલફાસ્ટ ખાતે રમાનારી બીજી અને અંતિમ T-20 મેચમાં ભારતનો સામનો આયર્લેન્ડ સામે થશે. પ્રથમ મેચમાં આયર્લેન્ડે ભારતને હરાવીને મોટો અપસેટ કર્યો હોવાથી, શ્રેયસ અય્યરની કપ્તાની હેઠળની ભારતીય ટીમ પર આ મેચ જીતીને સિરીઝ 1-1થી બરાબર કરવાનું ભારે દબાણ રહેશે.

ટ્વેન્ટી-20 વર્લ્ડકપ જીત્યા બાદ ભારતની આ પ્રથમ સિરીઝ છે. પ્રથમ મેચમાં આયર્લેન્ડે આપેલા 182 રનના ટાર્ગેટ સામે ભારત માત્ર 148 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

પ્રથમ મેચમાં ભારતનું સ્ટાર ટોપ ઓર્ડર સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યું હતું. સંજુ સેમસન, ઈશાન કિશન અને કેપ્ટન શ્રેયસ અય્યર સિંગલ ડિજિટ સ્કોર પર આઉટ થઈ ગયા હતા. માત્ર અભિષેક શર્માએ આક્રમક બેટિંગ કરી હતી, પણ તેને સામે છેડેથી સાથ મળ્યો નહોતો. આયર્લેન્ડના ડેબ્યુ કરનાર બોલરો જય મુંદ્રા અને મેટ હોલાર્ડે ભારતીય બેટિંગ લાઈનઅપને વેરવિખેર કરી દીધી હતી.

ભારતીય બોલિંગમાં હર્ષિત રાણાએ ઈજા બાદ શાનદાર વાપસી કરતા 24 રન આપી 3 વિકેટ ઝડપી હતી. જોકે, વોશિંગ્ટન સુંદર અને પ્રસિદ્ધ કૃષ્ણ ખૂબ મોંઘા સાબિત થયા હતા, જેના કારણે આયર્લેન્ડે છેલ્લી ઓવરોમાં 20-30 રન વધુ બનાવી લીધા હતા. આયર્લેન્ડ તરફથી કેપ્ટન લોર્કન ટકરે શાનદાર અડધી સદી (50 રન) ફટકારી હતી.

આ મેચમાં પણ યુવા સનસનાટીભર્યા ખેલાડી વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળવાની સંભાવના ઓછી છે, કારણ કે ટીમ મેનેજમેન્ટ એક હાર બાદ ટોપ ઓર્ડરમાં મોટો ફેરફાર કરવા માગશે નહીં. બુધવારથી ઈંગ્લેન્ડ સામે 5 મેચોની સિરીઝ શરૂ થઈ રહી હોવાથી ભારત આ પ્રવાસ જીત સાથે સમાપ્ત કરવા માટે ઉત્સુક હશે.

## બેલ્જિયમ ન્યૂઝીલેન્ડને 5-1થી હરાવી નોકઆઉટ રાઉન્ડમાં

**ટ્રોસાર્ડે** બે ગોલ કર્યા

**ગોલકીપર** કોર્ટોઇસે 18મી મેચ રમીને બેલ્જિયમ માટે નવો રેકોર્ડ બનાવ્યો

વેનકુવર (કેનેડા), તા. 27 (એપી): વેનકુવર ખાતે રમાયેલી વર્લ્ડકપની મહત્વની મેચમાં બેલ્જિયમે ન્યૂઝીલેન્ડને 5-1થી કચડી નાખીને ગ્રુપ-Gમાં ટોચનું સ્થાન મેળવી નોકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે.

શરૂઆતની બંને મેચો ડ્રો રહ્યા બાદ, બેલ્જિયમે આ મેચમાં શાનદાર વાપસી કરી હતી. બેલ્જિયમ તરફથી લિએન્ડ્રો ટ્રોસાર્ડે બે શાનદાર ગોલ કર્યા હતા, જ્યારે કેવિન ડી બ્રુયન, રોમેલુ લુકાકુ અને એલેક્સિસ સેલેમેકર્સે 1-1 ગોલ નોંધાવ્યા હતા. ન્યૂઝીલેન્ડ તરફથી એકમાત્ર ગોલ ઈલિયાહ જસ્ટે 84મી મિનિટે કર્યો હતો. આ હાર સાથે ન્યૂઝીલેન્ડની ટીમ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે.

કેવિન ડી બ્રુયને 66મી મિનિટે બોક્સની બહારથી અદભુત ગોલ કરીને સ્ટેડિયમમાં હાજર દર્શકો સમક્ષ હાથથી દિલ (હાર્ટ) બનાવીને ઉજવણી કરી હતી. બીજી તરફ લુકાકુએ હેડર દ્વારા ગોલ કરીને ચાહકો તરફ ફ્લાઈંગ કિસ કરી હતી. બેલ્જિયમ હવે બુધવારે સિએટલમાં તેનો આગામી નોકઆઉટ મેચ રમશે. મેચની શરૂઆતમાં બેલ્જિયમના ટ્રોસાર્ડના એક શોટ પર ગોલ-લાઈન ટેકનોલોજી અને VAR (વિડિયો આસિસ્ટન્ટ રેફરી)નો ઉપયોગ કરાયો હતો.

## હું એકવાર મૂર્ખ બની શકું, બીજી વાર નહીં: સૌરવ ગાંગુલી

નવી દિલ્હી, તા. 27: ભારતના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ ખુલાસો કર્યો છે કે તેમણે પૂર્વ કોચ ગ્રેગ ચેપલની એ વિનંતીને ફગાવી દીધી હતી, જેમાં કસ્ટડીમાં રહેલા પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અંગે પાકિસ્તાન સરકારને પિટિશન મોકલવાની વાત હતી. ગાંગુલીએ સ્વીકાર્યું કે ચેપલ સાથેના તેમના વણસેલા સંબંધો આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ હતા. વર્ષ 2005માં ગાંગુલીના સમર્થનથી જ ચેપલ ભારતીય ટીમના કોચ બન્યા હતા, પરંતુ ટૂંક સમયમાં જ ચેપલે BCCIને પત્ર લખીને ગાંગુલીને કેપ્ટનશીપ માટે અયોગ્ય ગણાવ્યા હતા. ગાંગુલીએ એક પોડકાસ્ટમાં જણાવ્યું કે, 'હું અપ્રમાણિક લોકોને જવાબ નથી આપતો. ગાંગુલીએ વધુમાં ખુલાસો કર્યો કે 2011માં જ્યારે તે કેપ્ટન હતો ત્યારે ચેપલે તેમને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR)ના હેડ કોચ બનવા માટે મેઈલ કર્યો હતો. ગાંગુલીએ કટાક્ષમાં કહ્યું, 'હું એકવાર મૂર્ખ બની શકું, બીજી વાર નહીં.'

## આજે ભારતીય મહિલા ટીમ માટે કરો અથવા મરોનો મુકાબલો

**સેમિફાઇનલની** ટિકિટ મેળવવા આજે ઓસ્ટ્રેલિયા સામે જીતવું જ પડશે

**મેચનું** જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયો હોટસ્ટાર પર સાંજે 7 વાગ્યાથી

લંડન, તા. 27 (એપી): રવિવારે રમાનારી મહિલા T-20 વર્લ્ડકપની છેલ્લી ગ્રુપ મેચમાં ભારતનો સામનો છ વખતની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સામે થશે. સેમિફાઈનલમાં પહોંચવા માટે હરમનપ્રીત કૌરની ટીમ માટે આ 'કરો અથવા મરો' જેવો મુકાબલો છે.

હાલમાં ગ્રુપ-Aમાં ઓસ્ટ્રેલિયા 8 પોઈન્ટ સાથે ટોચ પર છે, જ્યારે ભારત અને સાઉથ આફ્રિકા બંને 6-6 પોઈન્ટ ધરાવે છે.

સાઉથ આફ્રિકાનો સામનો બાંગ્લાદેશ સામે છે, તેથી જો સાઉથ આફ્રિકા જીતશે તો ભારતે સેમિફાઈનલમાં પહોંચવા માટે ઓસ્ટ્રેલિયાને હરાવવું જ પડશે.

આ વર્લ્ડકપમાં ભારત માટે ઓપનર્સ સ્મૃતિ મંધાના (167 રન) અને શેફાલી વર્માએ સારું પ્રદર્શન કર્યું છે, પરંતુ કેપ્ટન હરમનપ્રીત અને જેમિમાહ રોડ્રિગ્સ સહિતનું મિડલ ઓર્ડર ફ્લોપ રહ્યું છે. આ ઉપરાંત, છેલ્લી બે મેચોમાં ભારતે 6 કેચ છોડ્યા હતાં, જેમાં શાનદાર ફિલ્ડર રાધા યાદવે જ 3 કેચ ડ્રોપ કર્યા હતાં.

ઓસ્ટ્રેલિયા સામે આવી ભૂલો ભારે પડી શકે છે. ભારત બોલિંગમાં 12 વિકેટ ઝડપી ચૂકેલી સ્પિનર શ્રી ચરણી પર વધુ પડતું નિર્ભર છે. જોકે, ટીમ વનડે વર્લ્ડકપ સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે મેળવેલી જીતમાંથી પ્રેરણા લેશે. બીજી તરફ, ઓસ્ટ્રેલિયાની ટીમ ઈજા બાદ વાપસી કરી રહેલી સ્ટાર બેટર ફોબી લિચફિલ્ડના આવવાથી વધુ મજબૂત બની છે.

## આયર્લેન્ડ મહિલા ટીમે વેસ્ટઈન્ડિઝને હરાવી અપસેટ સર્જ્યો

બ્રિસ્ટલ (ઈંગ્લેન્ડ), તા. 27 (એપી): બ્રિસ્ટલ ખાતે રમાયેલી મહિલા ટી20 વર્લ્ડ કપની મેચમાં આયર્લેન્ડે વેસ્ટઈન્ડિઝને 6 વિકેટે હરાવીને મોટો ઉલટફેર કર્યો છે. આ જીત સાથે આયર્લેન્ડે પાંચ ટૂર્નામેન્ટથી ચાલી આવતા સતત 21 મેચોના પરાજયના સિલસિલાનો અંત આણ્યો છે. વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ બેટિંગ કરતા 7 વિકેટે 128 રન બનાવ્યા હતા, જેમાં હેલી મેથ્યુઝે 22 અને ચિનેલે હેનરીએ અણનમ 27 રનનું યોગદાન આપ્યું હતું. જવાબમાં આયર્લેન્ડે 11 બોલ બાકી રાખીને 4 વિકેટે 129 રન બનાવી મેચ જીતી લીધી હતી. આયર્લેન્ડ તરફથી ઓર્લા પ્રિન્ડરગાસ્ટે 44 બોલમાં 63 રનની મેચ વિનિંગ ઈનિંગ રમી હતી. જો આ મેચ વેસ્ટ ઈન્ડિઝ જીત્યું હોત તો તે સેમિફાઈનલમાં પહોંચી ગયું હોત, પરંતુ આ હારથી હવે ડિફેન્ડિંગ ચેમ્પિયન ન્યૂઝીલેન્ડ માટે તક ઊભી થઈ છે.

## ભારત 'એ' મજબૂત સ્થિતિમાં, આકિબ નબીનો તરખાટ

**આકિબે** 4 વિકેટ ઝડપી યજમાન ટીમને 330માં સમેટી

**ભારતની** શ્રીલંકા 'એ' સામે 170 રનની મજબૂત લીડ

ગાલે (શ્રીલંકા), તા. 27 (પીટીઆઈ): ગાલે ખાતે રમાઈ રહેલી પ્રથમ બિનસત્તાવાર 'ટેસ્ટ' મેચના ત્રીજા દિવસે, જમ્મુ-કાશ્મીરના સીમર આકિબ નબીની શાનદાર બોલિંગની મદદથી ઈન્ડિયા-'એ' ટીમે શ્રીલંકા-'એ' સામે 170 રનની મજબૂત લીડ મેળવીને મેચ પર પકડ મજબૂત કરી લીધી છે.

શ્રીલંકા 'એ' ટીમે ત્રીજા દિવસની શરૂઆત 2 વિકેટ 113 રનથી કરી હતી. એક સમયે આશેન ભંડારા (70 રન) અને કેપ્ટન સરાહ આરાચ્ચીગે (72 રન) વચ્ચેની 117 રનની ભાગીદારીને કારણે યજમાન ટીમ 300 રને 5 વિકેટ સાથે મજબૂત સ્થિતિમાં હતી. જોકે, ભારતીય કેપ્ટન ધ્રુવ જુરેલે નવો કુકાબુરા બોલ લીધા બાદ આકિબ નબીએ તરખાટ મચાવ્યો હતો. નબીએ 19.4 ઓવરમાં 58 રન આપીને 4 વિકેટ ઝડપી, જેના કારણે શ્રીલંકાની ટીમ 330 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. શ્રીલંકાએ છેલ્લી 5 વિકેટ માત્ર 30 રનમાં ગુમાવી દીધી હતી. આ સાથે પ્રથમ ઈનિંગ્સના આધારે ભારતને 122 રનની મહત્વની સરસાઈ મળી હતી.

## રોનક ચૌહાણ પ્રથમ વખત સુપર-300ની સેમિફાઈનલમાં

ફુલરટોન (યુએસએ), તા. 27 (પીટીઆઈ): યુએસ ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે. ભારતના 18 વર્ષીય યુવા શટલર રોનક ચૌહાણે ક્વાર્ટર ફાઈનલમાં ઈઝરાયેલના મીશા ઝિલ્બરમેનને 23-21, 21-11થી હરાવીને પોતાની કારકિર્દીમાં પ્રથમ વખત BWF વર્લ્ડ ટૂર સુપર-300 ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો છે. ક્વોલિફાયર તરીકે આવેલા છત્તીસગઢના રોનકે માત્ર 38 મિનિટમાં આ મેચ જીતી લીધી હતી. બીજી તરફ, મહિલા સિંગલ્સમાં દેવિકા સિહાગે મોટો ઉલટફેર કરતા જાપાનની ત્રીજી ક્રમાંકિત રીકો ગુંજીને 22-20, 21-19થી હરાવીને સેમિફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે.

## ભારતીય હોકી ટીમે પાકિસ્તાનને 7-1થી કચડ્યું

**પાકિસ્તાને** શરૂઆતમાં આપેલા આંચકા બાદ સુખજીત, હરમનપ્રીત અને હાર્દિકના શાનદાર ગોલ સાથે ભારતની એકતરફી જીત

લંડન, તા. 27 (પીટીઆઈ): લંડનમાં \RFIH પ્રો લીગની મેચમાં ભારતીય પુરુષ હોકી ટીમે શાનદાર પ્રદર્શન કરતા પોતાના કટ્ટર હરીફ પાકિસ્તાનને 7-1થી હરાવ્યું છે.

મેચની શરૂઆતમાં પાકિસ્તાનના કેપ્ટન અબુ બકર મહમૂદે 13મી મિનિટે પેનલ્ટી કોર્નર દ્વારા ગોલ કરીને પોતાની ટીમને 1-0થી આગળ કરી દીધી હતી. જોકે, ભારતે આ આંચકામાંથી ઝડપથી બહાર આવીને મેચ પર પકડ મજબૂત કરી લીધી હતી. મિડફિલ્ડર હાર્દિક સિંહને આ મેચમાં 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો. બીજા ક્વાર્ટરમાં ભારતીય ટીમે આક્રમક રમત બતાવી હતી. 20મી મિનિટે સુખજીત સિંહે પેનલ્ટી કોર્નરને ગોલમાં ફેરવીને સ્કોર 1-1થી સરભર કર્યો હતો. ત્યારબાદ 26મી મિનિટે કેપ્ટન હરમનપ્રીત સિંહે વધુ એક ગોલ કરીને હાફ ટાઈમ સુધી ભારતને 2-1 ની લીડ અપાવી દીધી હતી. હાફ ટાઈમ પછી પણ ભારતનો દબદબો ચાલુ રહ્યો હતો. 34મી મિનિટે હાર્દિક સિંહે પેનલ્ટી સ્ટ્રોક દ્વારા સ્કોર 3-1 કર્યો હતો.

## એન્સીએ લોંગ જમ્પમાં અંજુ બોબી જ્યોર્જનો રેકોર્ડ તોડ્યો

**સર્વેશ** કુશારેએ 2.31 મીટરનો હાઈ જમ્પ લગાવી રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો

ભુવનેશ્વર, તા. 27 (પીટીઆઈ):અહીં રમાઈ રહેલી નેશનલ ઈન્ટર સ્ટેટ ચેમ્પિયનશીપમાં કેરળની 25 વર્ષીય એન્સી સોજને 6.88 મીટરનો શાનદાર કુદકો લગાવીને દિગ્ગજ અંજુ બોબી જ્યોર્જનો 22 વર્ષ જૂનો (2004 એથેન્સ ઓલિમ્પિકનો 6.83 મીટરનો) નેશનલ રેકોર્ડ તોડી નાખ્યો છે. આ સાથે તે એશિયન એથ્લેટ્સમાં આ સીઝનની ટોપર બની ગઈ છે અને એશિયન ગેમ્સ માટે અને 2027 વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે પણ ક્વોલિફાય કરી લીધું છે.

બીજી બાજુ મહારાષ્ટ્રના સર્વેશ કુશારેએ ૨.૩૧ મીટરનો હાઈ જમ્પ લગાવીને તેજસ્વિન શંકરનો (૨૦૧૮નો ૨.૨૯ મીટરનો) નેશનલ રેકોર્ડ તોડ્યો છે. આ સાથે તે ૨.૩૦ મીટરનો આંકડો પાર કરનાર પ્રથમ ભારતીય હાઈ જમ્પર બન્યો છે. આ પ્રદર્શન સાથે તે વૈશ્વિક સીઝન રેન્કિંગમાં સંયુક્ત ત્રીજા અને એશિયામાં પ્રથમ ક્રમે પહોંચી ગયો છે.